# પ્રેસનોટ

કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હસ્તક ચાલતી સંકલિત જીવાત વ્યવસ્થાપન અને જૈવિક નિયંત્રણ યોજના અંતર્ગત મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના **વાવીયા મુવાડા ગામે તારીખ ૦૭/૦૧/૨૦૧૯** ને સોમવારના રોજ ખેડૂતોને ઘઉના પાકમાં ઊધઇના સંકલિત વ્યવસ્થાપન અંગેના નિદર્શન અને શિયાળુ પાકોમાં ખેતી વિષયક જાણકારી મળી રહે તે માટે "**ખેડૂત દિન**"નું આયોજન કરવામાં આવેલ, જેમાં ડૉ. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખેડૂત દિનના ઉદઘાટક અને અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે ડૉ. કે. બી. કથીરીયા, સંશોધન નિયામક, ડૉ. એ. એ. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામક અને શ્રી એમ. કે. કુરેશી, સંયુક્ત ખેતી નિયામક, વડોદરા ઉપસ્થિત રહ્યા હતા. વાવીયા મુવાડા ગામની આજુબાજુના ગામના ૧૦૬૭ જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆત આપણી ભારતીય સંસ્કૃતિ મુજબ પ્રાર્થનાથી કરવામાં આવેલ અને ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. સૌ પ્રથમ કીટકશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક અને વડા ડૉ. પી. કે. બોરડે યોજનાની ટુંકમાં રૂપરેખા અને ખેડૂતોને ઘઉના પાકમાં ઉધઇના સંકલિત વ્યવસ્થાપન અંગેના નિદર્શનની જાણકારી તેમજ તેના થકી ખેડૂતોને થતા લાભોની માહિતી આપેલ. સંકલિત જીવાત વ્યવસ્થાપન થકી ખેતી ખર્ચમાં ઘટાડો, પર્યાવરણ અને મનુષ્યના આરોગ્યની પણ જાળવણી થઈ શકે છે. આ પ્રસંગે કીટકશાસ્ત્ર વિભાગ દ્વારા તૈયાર કરેલ "ખેતી પાકોમાં ઊધઇથી થતુ નુકસાન અને તેનું વ્યવસ્થાપન", " મકાઇના પાકની નવી જીવાતઃ ટપકાંવાળી લશકરી ઇયળ (ફોલ આર્મીવર્મ)" અને ઋતુ મુજબ મધુપાલન વ્યવસ્થાપન" અંગેના રંગીન ફોલ્ડર્સનું માન. કુલપતિશ્રી ડો. એન. સી. પટેલ અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવેલ. ઘઉનાં પાકમાં ઉધઇના સંકલિત વ્યવસ્થાપન અંગે ડૉ. આર. કે. ઠુમર, સહ પ્રાધ્યાપકે વિસ્તૃત માહિતી આપેલ. તાજેતરમાં મકાઇના પાકમાં નુકસાન કરતી ટપકાંવાળી નવી જીવાત અને અન્ય જીવાતોની વિસ્તૃત માહીતી ડૉ. ડી. બી. સિસોદીયા, સહ સંશોધન વૈજ્ઞાનિકે આપી હતી. ડૉ. સી. બી. ધોબી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે ચણા અને તુવેરના પાકમાં આવતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન કેવી રીતે કરી શકાય તે અંગે વિસ્તૃત છણાવટ કરેલ. ડૉ. ડી. સી. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા વધુ દૂધ ઉત્પાદન મેળવવા માટેના મુદ્દાઓની વિસ્તૃત છણાવટ કરવામાં આવેલ. ઉપસ્થિત ખેડૂત સમુદાય દ્વારા ખેતી સંબધિત પ્રશ્નોનું કૃષિ વૈજ્ઞાનિકો ડૉ. બી. ડી. પટેલ, પ્રાધ્યાપક અને વડા, શસ્ય વિજ્ઞાન વિભાગ, ડૉ. એન. આઇ. શાહ, પ્રાધ્યાપક અને વડા, બાગાયત વિભાગ, ડૉ. વી. પી. રામાણી, સહ સંશોધન વૈજ્ઞાનિક, સૂક્ષ્મતત્વ યોજના, ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી) અને ડૉ. એમ. બી. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક (મકાઇ) દ્વારા સંતોષકારક જવાબો આપવામાં આવેલ. ડૉ. કે. પી. પટેલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષે નવીનત્તમ કૃષિ સંશોધનો ખેતીમાં અપનાવી ખેતીની આવક વધારી શકાય છે તેવુ ભારપૂર્વક જણાવેલ. શ્રી એમ. કે. કુરેશી, સંયુક્ત ખેતી નિયામકે ગુજરાત સરકાર દ્વારા ચાલતી ખેડૂતો માટેની કલ્યાણકારી યોજનાઓની અને ખાસ કરીને ખેડૂત

પોર્ટલ વિશેની માહીતી આપેલ. ડૉ. એ. એ. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકે યુનિવર્સિટી દ્વારા ખેડૂત ઉપયોગી વિસ્તરણ શિક્ષણ પવૃતિઓની માહીતી આપી યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત “કૃષિગોવિદ્યા”નું લવાજમ ભરી નિયમિત વાંચન કરવા પર ભાર મુક્યો હતો. ડૉ. કે. બી. કથીરીયા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધ્યાશાખાધ્યક્ષે  કૃષિ યુનિવર્સિટી દ્વારા સંશોધીત વિવિધ પાકનાં બિયારણનો ઉપયોગ કરી વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા ઉપર ભાર મૂકેલ અને આ બધી જાતો ગુણવત્તાને ધ્યાને રાખી બહાર પાડવામાં આવે છે તેવુ જણાવેલ. કાર્યક્રમના અધ્યક્ષ પદેથી ડૉ. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રીએ ખેડૂતોને કૃષિ યુનિવર્સિટીના સંપર્કમાં રહી કૃષિ અંગેની નવિનતમ તાંત્રિકતાઓની જાણકારી મેળવી તેનો પોતાની ખેતીમાં ઉપયોગ કરી વધુ ઉત્પાદન મેળવવા અનુરોધ કરેલ. ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટી અને ખાસ કરીને કીટકશાસ્ત્ર વિભાગની મુલાકાત લેવા અને યુનિવર્સિટી ખાતે યોજાતા વિવિધ તાલિમ કાર્યક્રમોમાં જોડાવા માટે આહવાન કરેલ. કૃષિમાં નૈતિક મૂલ્યોના જતન પર ભાર મૂકતા જણાવ્યું કે જંતુનાશકોનો ઓછો અને વિવેકપૂર્ણ વપરાશ કરીને આડકતરી રીતે આપણે મનુષ્યના સ્વાસ્થ્ય સુધારવામાં પણ સહભાગી થઈએ તો વધુ સરાહનિય છે. તેઓશ્રીએ ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલી પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનો લાભ લેવા અને ભારત સરકાર દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાના ઉદેશોને આવા કાર્યક્રમોના આયોજન થકી સફળ કરી શકાશે તેવુ જણાવેલ તેમજ ખેતીમાં ટપક સિચાઇ પધ્ધતિ અપનાવવાથી થતા ફાયદાઓ પણ જણાવેલ. આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં શરૂ કરવામાં આવેલ મોબાઇલ એપ્લીકેશન એપ વિશે પણ માહીતી આપી હતી.

માન. કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલ અને વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. એ. એ. પટેલે ગોઠવવામાં આવેલ  નિદર્શનની  પણ મુલાકાત લીધી હતી. જેની વિસ્તૃત માહિતી ડો. પી. કે. બોરડે પુરી પાડી હતી.

સમગ્ર ખેડૂત દિનને સફળ બનાવવા માટે કીટકશાસ્ત્ર વિભાગના કર્મચારીઓ કુ. મિરલ સુથાર, મદદનીશ પ્રાધ્યાપક, કુ. મિનાક્ષી લુણાગરીયા, ખેતી અધિકારી, ખેતી મદદનીશ શ્રી સાવન સેવક અને રેખાબેન ઠાકોર તેમજ અન્ય સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. આર. કે. ઠુંમરે અને આભાર વિધિ ડૉ. ડી. બી. સિસોદીયાએ કરી હતી.

કાર્યક્રમને સફળ બનાવવામાં ગામના અગ્રણી ખેડૂતશ્રી. ભાર્ગવભાઇ પટેલ, સરપંચશ્રી મહેશભાઈ પટેલ, શ્રી. શૈલેષભાઇ પટેલ અને શ્રી. શંકરભાઇ પટેલ તથા ગ્રામજનો તરફથી ખૂબ જ સાથ અને સહકાર મળેલ.








પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન
“ખેડૂત દિન”
આયોજક








શિયાળુ પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન
"ખેડૂત દિન"


શિયાળુ પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન
"ખેડૂત દિન"
કીટકશાસ્ત્ર વિભાગ
બં. અ. કૃષિ મહાવિદ્યાલય






શિયાળુ પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન
"ખેડૂત દિન"


શિયાળુ પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન
"ખેડૂત દિન"
સ્થળ: વાવીયા મુવાડા, તા. સંતરામપુર, જી. મહીસાગર

શિયાળુ પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન
"ખેડૂત દિન"

"ખેડૂત દિન"

શિયાળુ પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન
"ખેડૂત દિન"

શિયાળુ પાકોમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન
"ખેડૂત દિન"
